# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (જાન્યુઆરી, ૨૦૦૩)

સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ **પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ -પ્રશ્નપત્ર-૧** કુલ ગુણ : ૧૦૦

(‘વચનામૃત’ના આધારે)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. અણીવાળું બાણ અને વિષયવૃત્તિમાં પ્રવેશ - સારંગપુર-૭ના આધારે.
૨. એને માથે કાળ, કર્મ ને માયાનો હુકમ નથી.
૩. ‘ઊર્ધ્વરેતા-નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.’
૪. ભાગવત ધર્મ નિષ્ઠા અને ભક્તિ નિષ્ઠાની વિશેષતા ગ.પ્ર. ૪૭ પ્રમાણે સમજાવો.
૫. તે માટે આત્મનિષ્ઠા આદિક જે ગુણ તે સિદ્ધ કરવા માટે એ ચારે ગુણને એકબીજાની અપેક્ષા છે.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. તેમ એ ઇન્દ્રિયો-અંતઃકરણ ........................................................................ વ્યર્થ થઈ જાય છે.
૨. જેમ ભૂંડાને યોગે ........................................................................ કરીને ઉત્તમ થાય છે.
૩. ભગવાનની મૂર્તિની ........................................................................ તેનો સ્નેહમાં ફેર છે.
૪. અને જેમ નેત્રે કરીને ........................................................................ અતિશય નીચ છે.
૫. પરમેશ્વરની વાતમાં ........................................................................ જેવા ગુણ આવે છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. દશ ઇન્દ્રિયો ૨. સંત મહિમા

(‘સ્વામીની વાતો’ને આધારે)

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (ગુણ ૫)

૧. સ્વામીની વાતુ કોનામાં જોડાવાની છે ?
૨. શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ ક્યારે મૂકાશે ?
૩. સમર્થ પુરુષ શું કરી શકે ?
૪. કોના માથે શ્રીજીમહારાજ અને મોટા સંતની દૃષ્ટિ થતી નથી ?
૫. કોણ મહારાજ અને સંતને મનુષ્ય જેવા જાણે છે ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૫)

૧. સત્સંગમાં એમ વાત થાય છે જે જીવ ...................... થઈ જાય. (ઈશ્વરરૂપ, ભગવતરૂપ, બ્રહ્મરૂપ)
૨. જેવો ........................... છે તેવો તો જણાય જ નહિ. (મહિમા, સત્સંગ, ખપ)
૩. ........................... વાતુ જીવનું જીવન છે. (પાંચ, સાત, ચાર)
૪. હે મહારાજ ! તમે કૃપા તો બહુ કરી, પણ અમારે .......................... નું આવરણ તે સમજાય નહિ. (માયા, મોહ, અહમ્-મમત્વ)
૫. તે ઉપર ........................... વચનામૃત વંચાવી કહ્યું, ‘જે આવો થાય છે ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય છે.’ (વર.૧૧, પ્ર.૨૩, અમ.૩)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. કલ્યાણના અનંત પ્રકાર
૨. સંત મહિમા.
૩. આજ્ઞાથી થતી પ્રવૃત્તિની ક્રિયાના ત્રણ પ્રકાર
૪. સત્સંગની જાળવણી

(‘ભગતજી મહારાજ’ને આધારે)

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. ભગતજી મહારાજના હરિ ભક્તો
૨. ભગતજી મહારાજનું શાસ્ત્રીજી મહારાજ પર હેત.
૩. કલ્પવૃક્ષ ભગતજી.
૪. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઉદ્‌ઘોષક ભગતજી

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. અમદાવાદમાં સ્વામીશ્રીએ કરેલ જ્ઞાનયજ્ઞ.
૨. મહુવામાં દુર્ગાશંકરે કરેલું ભગતજીનું અપમાન અને ફળ.
૩. નડિયાદ મંદિરમાં હરિભક્તોનું ભગતજીમાં ખેંચાણ.
૪. ભગવાનના ટંડેલ ભગતજી.

**નોંધ : ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.**

* * *

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા** (જાન્યુઆરી, ૨૦૦૩)

**સમય : બપોરે ૨:૦૦ થી ૫:૦૦** **પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ - પ્રશ્નપત્ર-૨** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.**

**(‘શાસ્ત્રીજી મહારાજ’ને આધારે)**

**પ્રશ્ન.૧.(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. ‘અત્યારે તો અક્ષર અને પુરુષોત્તમનું જ્ઞાન પ્રવર્તાવવું તેમાં જ મહારાજનો રાજીપો છે.’- શાસ્ત્રીજી મહારાજના જીવનમાં ચરિતાર્થ થતું વાક્ય.
૨. વરતાલના મોવડીઓ ઉપર શાસ્ત્રીજી મહારાજનો પ્રભાવ.
૩. શાસ્ત્રીજી મહારાજના હરિભક્તોની સમર્પણ ભક્તિ.
૪. કૃતનિશ્ચયી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. યજ્ઞપુરુષદાસ અને જીવણરામ શાસ્ત્રી
૨. ડભોઈમાં યજ્ઞપુરુષદાસે વાવેલા અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાના બીજ
૩. વઢવાણ મંદિરના નિર્માણમાં સ્વામીશ્રીની વિચક્ષણ દૃષ્ટિ.
૪. શાસ્ત્રીજી મહારાજની દિવ્ય વાણી.

**(‘બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ’ના સંક્ષિપ્ત જીવન ચરિત્રના આધારે)**

**પ્રશ્ન.૨.(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૪ થી ૫ પ્રસંગ લખવા)** (ગુણ ૧૨)

૧. ગુણ સમ્રાટ યોગીજીની નિખાલસતા, નિર્માનિતા અને સાધુતા.
૨. શાસ્ત્રીજી મહારાજનું હૃદય ‘જોગી’.
૩. વિરલ યોગીજીની સર્વધર્મ સહિષ્ણુતા

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૧૨)

૧. યોગીજીનું એક જ તાન : બનાવવા છે.
૨. યોગીજીના લોહીના લયમાં વણાયેલો મંત્ર.
૩. રવિ સભા - જીવન ઘડતરનો મંત્ર.
૪. અક્ષરધામ પ્રતિ મહાપ્રયાણના ત્રણ પ્રસંગો.

**(ક) નીચેના વિષયો પર વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૬)

૧. એકાંતિક ધર્મ સિદ્ધ કરનારને શી પ્રાપ્તિ થાય છે ?
૨. શ્રીજીમહારાજનું કાર્ય વૈવિધ્ય.

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. પરમાત્મ સુખની સર્વાધિકતા.
૨. સ્વતઃ સિદ્ધની સાધનાનું પ્રયોજન - વચનામૃત રહસ્યના આધારે.
૩. પરમાત્માના સતત યોગી - યોગીજી મહારાજ.
૪. કષ્ટોની કાંટાળી કેડીના વિરલ યાત્રી - શાસ્ત્રીજી મહારાજ.

**નોંધ : ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.**

* * *